
# નુકશાન પામેલાં ધાર્મિક સ્થળો અંગે યાદી આપવા ગુજરાતને આદેશ

નવીદિલ્હી, તા. ૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૨માં ગોધરા કાંડ બાદ તેના પ્રત્યાઘાતરૂપે ભડકેલી સાંપ્રદાયિક હિંસા દરમિયાન નષ્ટ થયેલા અથવા તો નુકસાન પામેલા ૫૦૦થી વધુ ધાર્મિક સ્થળોની સંપૂર્ણ વિગત આપવા આજે ગુજરાત સરકારને આદેશ કર્યો હતો. નરેન્દ્ર મોદી સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી અરજીને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે આ કેસમાં સુનાવણી ૩૦મી જુલાઈ સુધી મોકૂફ કરી દીધી હતી. ૩૦મી જુલાઈ સુધીની તારીખમાં આ મામલા અંગે એફિડેવિટની માંગણી પણ કરવામાં આવી છે. ગુજરાત સરકારે ગુજરાત હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે મૂકવાની માંગણી કરી હતી. ધાર્મિક સ્થળોના રક્ષણમાં નિષ્ફળ રહેવા બદલ તેની ટીકા કરવા બદલ ગુજરાત હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે મૂકવાની માંગણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે આ વર્ષની શરૂઆતમાં ૮મી ફેબ્રુઆરીના દિવસે ગોધરા ટ્રેન કાંડના અનુસંધાનમાં વર્ષ ૨૦૦૨ના રમખાણો વેળા નુકસાન પામેલા ૫૦૦ ધાર્મિક સ્થળોને વળતર ચૂકવવા રાજ્ય સરકારને આદેશ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે ગયા સપ્તાહમાં જ નુકસાન પામેલા ધાર્મિક સ્થળોની સંખ્યા અને તેમના પુનઃ નિર્માણમાં નાણાંકીય ખર્ચની સંપૂર્ણ વિગત આપવા રાજ્ય સરકારને આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટ વાસ્તવિક નુકસાનના મામલે કોઈ અભ્યાસ અથવા તો સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે કે કેમ તે અંગે વિગત માગી હતી. રમખાણો દરમિયાન પવિત્ર સ્થળોને થયેલા નુકસાનની વિગતો પણ માગવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ત્યારબાદ આ મામલાની સુનાવણી આજે એટલે કે ૯મી જુલાઈ સુધી મોકૂફ કરી દીધી હતી. ગુજરાત સરકાર તરફથી ઉપસ્થિત રહેલા એડીશનલ એડવોકેટ જનરલ તુષાર મહેતા અને વકીલ હેમંતતીકા વાહીએ એવી રજૂઆત કરી હતી કે હાઈકોર્ટનો આદેશ બંધારણના બિનસાંપ્રદાયિક



સિદ્ધાંતો હેઠળ ખામી ભરેલો હતો. કારણ કે કોઈપણ સરકાર દ્વારા ધાર્મિક સંસ્થાઓને નાણાં ચૂકવી શકાય નહીં.

૮મી ફેબ્રુઆરીના દિવસે ગુજરાત સરકારની વર્ષ ૨૦૦૨ના ગોધરાકાંડ બાદની રમખાણો દરમિયાન તેના ભાગરૂપે ભારે બેદરકારી અને નિષ્ક્રિયતા બદલ ગુજરાત હાઈકોર્ટ દ્વારા ટીકા કરવામાં આવી હતી. ગુજરાત સરકારની બેદરકારી ઉદાસીનતાના કારણે જ મોટાપ્રમાણમાં ધાર્મિક સ્થળોને નુકસાન થયું હતું. વર્ષ ૨૦૦૩માં આઈઆરસીજી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં રમખાણો દરમિયાન ધાર્મિક સ્થળોને થયેલા નુકસાન બદલ વળતરની ચૂકવણી કરવા સરકારને આદેશ આપવા કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. ઈસ્લામિક રિલીફ કમીટિ ઓફ ગુજરાત (આઈઆરસીજી) તરફથી આ અરજી કરીને વળતરની ચૂકવણી કરવા અપીલ કરાઈ હતી. આ અપીલ એવા આધાર ઉપર કરવામાં આવી હતી કે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે પણ આની ભલામણ કરી છે. રાજ્ય સરકારની ભારે બદરકારીનો આક્ષેપ પણ આમા કરવામાં આવ્યો હતો. રાજ્યભરમાં બેદરકારીના કારણે જ રમખાણોવેળા ભારે નુકસાન થયું હતું. કોર્ટે એ વખતે કહ્યું હતું કે જ્યારે સરકાર રમખાણો દરમિયાન નુકસાન પામેલા આવાસ અને વાણિજ્ય પેઢીઓને નાણાં ચૂકવવા માટે તૈયાર થઈ છે તો ધાર્મિક માળખાઓ માટે પણ વળતરની ચૂકવણી કરવી જોઈએ. જસ્ટીસ કે.એસ.રાધાકૃષ્ણન અને જસ્ટીસ દિપક મિશ્રાની બનેલી બેંચે હિંસા દરમિયાન અસરગ્રસ્ત સ્થળોનાં સમારકામ અને રિપેર કામગીરીમાં નાણાંની જરૂરિયાતનાં સંબંધમાં માહિતી આપવાનું કહેવાયું છે. ગુજરાત હાઈકોર્ટનાં આદેશને પડકાર ફેંકીને રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનાં જવાબમાં આ આદેશ સુપ્રિમે આપ્યો હતો. એનજીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, ૫૩૫ ધાર્મિક સ્થળોને રમખાણ દરમિયાન અસર થઈ હતી જે પૈકીનાં ૩૭ રિપેર કરવામાં આવ્યા નથી.

# એર ઈન્ડિયાના વિમાનનું પાકિસ્તાન વિમાની મથકે ઉતરાણ

નવીદિલ્હી, તા. ૯

એર ઈન્ડિયાના વિમાને આજે ટેકનીકલ કારણોસર પાકિસ્તાનના વિમાની મથકે ઉતરાણ કર્યું હતું. વિમાની મથકે કલાકો સુધી રહ્યા બાદ વિમાનમાં થયેલી ખામીની ચકાસણી માટે પહોંચેલા એર ઈન્ડિયાના એન્જિનિયરોએ ચકાસણી કર્યા બાદ આ વિમાનને નવી દિલ્હી પરત ફરવાની લીલીઝંડી આપી દીધી હતી. એક રાહત વિમાને પણ પાકિસ્તાનથી ઉડાણ ભરી હતી. અટવાઈ પડેલા યાત્રીઓને લઈને રાહત વિમાન રવાના થયા બાદ નવી દિલ્હી પહોંચ્યુ હતું. જેથી તંત્રને રાહત થઈ હતી. અગાઉ ભારે નાટ્યાત્મક ઘટનાક્રમ સવારે જોવા મળ્યા હતા. જેથી એર ઈન્ડિયામાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. અબુધાબીથી દિલ્હી તરફ આવી રહેલા આ વિમાનને નવાબ શાહ વિમાની મથકે ઉતરાણ કરવાની ફરજ પડી હતી. પ્રાથમિક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે એર બસ ૩૧૯ વિમાનમાં તમામ ત્રણ હાઈડ્રોલીંગ સિસ્ટમ ફલોપ થઈ જતાં પાયલોટે તરત જ પાકિસ્તાનમાં આ વિમાનને ઉતારી લેવા મંજૂરી માંગી હતી. વિમાનમાં ખૂબ જ અસામાન્ય સંજોગોમાં જ આ પ્રકારના બનાવ બને છે. વિમાનમાં રહેલા તમામ ૧૩૦ યાત્રીઓ બિલ્કુલ સુરક્ષિત હોવાના અહેવાલ મળ્યા હતા. નવાબ શાહ વિમાની મથક દક્ષિણી પાકિસ્તાનમાં સિંધ પ્રાંતમાં ઉતારી લેવામાં આવ્યું હતું તેવી બાતમી મળ્યા બાદ માત્ર ભારત સરકારમાં નહીં બલ્કે એર ઈન્ડિયાના અધિકારીઓમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. જો કે ખામીના કારણે જ વિમાનને ઉતારવામાં આવ્યું હતું. ઈમરજન્સી ઉતરાણ પહેલાં પાકિસ્તાની સત્તાવાળાઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. મંજૂરી મળ્યા બાદ આ વિમાનને ઉતારી લેવામાં આવ્યું હતું. નાગરિક ઉડ્ડયન સત્તાના પ્રવક્તા પરવેઝ જ્યોર્જે આજે સવારે માહિતી આપતા જણાવ્યું હતું કે એર બસ વિમાનના કેપ્ટને સાવધાની પૂર્વકનું વલણ અપનાવ્યું હતું.



હાઈડ્રોઈડ સિસ્ટમમાં તકલીફ ઊભી થયા બાદ વિમાનને નીચે ઉતારી લેવાનો નિર્ણય લેવાયો હતો. વહેલી પરોઢે ૩.૩૭ વાગે સીંધ પ્રાંતમાં નવાબ શાહ વિમાની મથકે વિમાનને ઉતારી લેવામાં આવ્યું હતું.

એર ઈન્ડિયા દ્વારા ખામીઓ દૂર કરવા માટે પાકિસ્તાનના નવાબ શાહ ખાતે દિલ્હીથી એન્જિનિયરોની સાથે એક વિમાન મોકલવામાં આવ્યું છે. નવી દિલ્હીમાં એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું હતું કે આ વિમાન પાકિસ્તાન એર સ્પેશ ઉપર ઉડાણમાં હતું ત્યારે જ પાયલોટને કોકપીટમાં વોર્નિંગ લાઈટ જોવા મળી હતી. પાયલોટે તરત જ નજીકના વિમાની મથક ખાતે ઉતરાણ કરવા માટે મંજૂરી માંગી હતી. નજીકમાં વિમાની મથક નવાબ શાહ હતું. કેપ્ટને તરત જ યાત્રીઓને પણ સાવધાન કરી દીધા હતા. જ્યોર્જે કહ્યું હતું કે પાકિસ્તાની સત્તાવાળાઓએ તમામ યાત્રીઓને નીચે ઉતરી જવાની મંજૂરી પણ આપી હતી પરંતુ કેપ્ટને વિમાનની અંદર જ રહેવા તમામ યાત્રીઓને કહ્યું હતું.

## છતીસિંગપુરાના હત્યાકાંડમાં આતંકવાદી સંગઠન લશ્કરે તોયબાનો હાથ : જુંડાલ

નવીદિલ્હી, તા. ૯

૨૬/૧૧ના મુંબઈ હુમલાને અંજામ આપનાર કુખ્યાકત આતંકવાદીઓના હેન્ડલર અબુ જુંડાલની પૂછપરછમાં એક પછી એક નવી વિગતો સપાટી ઉપર આવી રહી છે. હવે વધુ એક ચોંકાવનારી વિગત પણ સપાટી ઉપર આવી છે. છતીસિંગપુરા હત્યાકાંડ માટે જવાબદાર કોણ છે તેને લઈને વર્ષોથી ઊંડી ચકાસણી સેના અને અન્ય સુરક્ષા સંસ્થા દ્વારા કરવામાં આવી હતી પરંતુ કોઈ નક્કર બાબતો જાણવા મળી ન હતી. આ સંબંધમાં હવે અબુ જુંડાલે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. અબુ જુંડાલે પૂછપરછ કરનાર અધિકારીઓ સમક્ષ કહ્યું છે કે જમ્મુ કાશ્મીરમાં વર્ષ ૨૦૦૦માં થયેલા છતીસિંગપુરા હત્યાકાંડમાં આતંકવાદી સંગઠન લશ્કરે તોયબાનો હાથ છે. તોયબાએ જ આના માટે કાવતરું ઘડી કાઢ્યું હતું. લશ્કરે તોયબાના ઓપરેશનલ લીડર મુજામિલ બટે આ કાવતરું તૈયાર કર્યું હતું. જુંડાલનું કહેવું છે કે મુજામિલ એ વખતે કાશ્મીરમાં સક્રિય હતો. મુજામિલની સાથે સેનાના વેશમાં ડઝન જેટલા શખ્સો કાશ્મીરના અનંતનાથ જિલ્લામાં ગયા હતા અને ૨૫મી માર્ચ ૨૦૦૦ના દિવસે છતીસિંગપુરા હત્યાકાંડને અંજામ આપ્યો હતો. આ હત્યાકાંડમાં ૩૫ શીખ લોકોના મોત થયા હતા. આ હત્યાકાંડ પાછળનો મુખ્ય હેતુ તત્કાલીન અમેરિકી પ્રમુખ બિલ ક્લીન્ટનની ભારત યાત્રા પહેલાં કાશ્મીર ખીણમાં કૌમવાદી તંગદિલી ફેલાવવાનો હતો. સાથે સાથે ભારતીય સેનાને બદનામી અપાવવાનો પણ હતો. સૂત્રોએ કહ્યું છે કે જુંડાલની પૂછપરછથી એવી બાબત પણ સપાટી ઉપર આવી છે કે મિજામિલે તેના સાગરીતો સાથે મળીને તેમના ઘરમાંથી આ લોકોને બહાર કાઢ્યા હતા અને ગામના ગુરુદ્વારા ખાતે એકત્રિત થવા સૂચના આપી હતી. લશ્કરના આ શખ્સે ત્યારબાદ ૩૫ શીખની અંધાધૂંધ ગોળીબાર કરીને હત્યા કરી નાંખી હતી. આ ઘટસ્ફોટ ખૂબ જ સનસનાટીપૂર્ણ છે. કાશ્મીરમાં રાજકીય પાર્ટીઓ અને દેશમાં માનવ અધિકાર સાથે સંકળાયેલા અધિકારીઓ હમેશા ભારપૂર્વક કહેતા આવ્યા છે કે ભારતીય સેનાની આમા ભૂમિકા હતી. ગયા મહિનામાં જ હુરિયતના કટ્ટરપંથી લીડર સૈયદ અલીશાહ ગિલાનીએ આ મામલામાં આંતરરાષ્ટ્રીય તપાસની માંગ કરી હતી. સૂત્રોનું કહેવું છે કે અબુ જુંડાલનો ધડાકો સુરક્ષા સંસ્થાઓને વધુ તપાસ કરવામાં મદદરૂપ થઈ શકે છે. જો કે આ બનાવમાં કરવામાં આવેલી તપાસથી એવી માહિતી મળી ન હતી કે લશ્કરે તોયબાનો આમા હાથ હતો. તપાસ સંસ્થાઓએ આ હત્યાકાંડ માટે શિયાલકોટ અને ગુજરાનવાલામાંથી બે શકમંદોની ધરપકડ કરી હતી. બંને સામે ટ્રાયલ હજુ પણ ચાલી રહી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ ગૃહમંત્રી ચિદમ્બરમ્ હાલમાં જ કહ્યું હતું કે મુજામિલની જગ્યાએ લશ્કરે તોયબાના ઓપરેશનલ લિડર તરીકે હાલમાં લખવીએ જવાબદારી લીધી હતી. મુજામિલ ખીણમાં અન્ય ઘણા હત્યાકાંડ માટે જવાબદાર હતો. જુંડાલની પૂછપરછના સંબંધમાં અધિકારીઓ પણ ટૂંકમાં નિવેદન કરી શકે છે.

## બેસ્ટ બેકરી કેસના ૫ આરોપીને મુંબઈ હાઈકોર્ટે નિર્દોષ ઠેરવ્યા

મુંબઈ, તા. ૯

મુંબઈ હાઈકોર્ટે સમગ્ર દેશને હચમચાવી મૂકનાર વર્ષ ૨૦૦૨નાં બેસ્ટ બેકરી કેસમાં આજે પાંચ આરોપીઓને નિર્દોષ છોડી મૂક્યા હતાં જ્યારે ચારને ફટકારવામાં આવેલી આજીવન કારાવાસની સજાને યોગ્ય ઠેરવી હતી.

અગાઉ દિવસમાં કોર્ટે એક વખતે વર્ષ ૨૦૦૨નાં બેસ્ટ બેકરી કેસમાં તેમને ફટકારવામાં આવેલી આજીવન કારાવાસની સજાને પડકાર ફેંકીને નવ આરોપીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો.જસ્ટીસ વી.એમ.કાંડે અને પી.ડી.કોડેની ડિવીઝન બેંચે માર્ચ મહિનામાં દરરોજ સુનાવણી શરૂ કરી હતી. અપરાધી ઠેરવવામાં આવેલાં ૯ આરોપીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનાં આધાર પર દરરોજની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ આરોપીઓએ ૬ વર્ષ અગાઉ આજીવન કારાવાસની તેમને ફટકારવામાં આવેલી નીચલી કોર્ટની સજાને પડકાર ફેંકીને અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગોધરા ટ્રેન અગ્નિકાંડ બાદ પહેલી માર્ચ ૨૦૦૨નાં દિવસે ગુજરાતનાં વડોદરા શહેરમાં હનુમાન ટેકરી ખાતે બેસ્ટ બેકરીમાં ૧૪ લોકોએ આશ્રય લીધો હતો. આ લોકોને હિંસક ટોળાએ હુમલો કરીને સળગાવી દીધાં હતાં. આ બનાવમાં ૨૦થી વધુ લોકોનું ટોળું હોવાનું જાણવા મળ્યું હતું. ૧૭ આરોપીઓ પૈકી ૯ લોકોને આરોપી ઠેરવીને વર્ષ ૨૦૦૬માં મુંબઈમાં ખાસ અદાલતે આજીવન કારાવાસની સજા ફટકારી હતી. ત્યારબાદ ૯ આરોપીઓએ આ આદેશનો પડકાર ફેંકીને હાઈકોર્ટમાં અપીલ કરી દીધી હતી. આ કેસમાં નવો વળાંક એ વખતે આવ્યો હતો જ્યારે મુખ્ય સાક્ષી યાસ્મીન શેખે વર્ષની શરૂઆતમાં હાઈકોર્ટ સમક્ષ અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે, સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડ દ્વારા આરોપી સામે પુરાવા આપવા ફરજ પાડવામાં આવી હતી. જો કે તિસ્તાએ પણ મોડેથી અપીલ દાખલ કરીને દરમિયાનગીરીની માંગ કરી હતી.યાસ્મિન શેખે અગાઉ રજૂઆત કરીને તેના પુરાવાની ફેર નોંધણી કરવા હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જોકે, કોર્ટે કહ્યું હતું કે, તે અપરાધીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર સૌથી પહેલા નિર્ણય કરશે. ત્યારબાદ સુનાવણી કરવામાં આવશે. કોર્ટે કહ્યું હતું કે, જો અમે ટ્રાયલ કોર્ટના ચુકાદા સાથે સહમત થઈશું તો યાસ્મિનની અરજી પર સુનાવણી કરીશું.

અત્રે ઉલ્લેખનીય છે કે, બેસ્ટ બેકરી હત્યાકાંડ પણ એવા સૌથી કમકમાટીપૂર્ણ હત્યાકાંડ પૈકીનો છે જેમાં સુપ્રિમ કોર્ટ સુધી નોંધ લેવામાં આવી હતી. જે નવ કેસોની નોંધ લેવામાં આવી હતી તેમાં બેસ્ટ બેકરી કાંડ પણ સામેલ છે. ગુજરાતમાં ગોધરાકાંડ બાદ તેનાં પ્રત્યાઘાતરૂપે ગુજરાતભરમાં હિંસા ભડકી ઉઠી. આ હિંસામાં રાજ્યભરમાં વ્યાપક નુકસાન થયું હતું. ગુજરાતમાં જે હત્યાકાંડના મોટા મામલા સપાટી પર આવ્યા હતાં તેમાં ગુલબર્ગ હત્યાકાંડ, નરોડા પાટિયા હત્યાકાંડ, સરદારપુરા હત્યાકાંડનો સમાવેશ થાય છે.

## દિલ્હી હાઈકોર્ટે ટુજી કેસમાં ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ. રાજાની અરજી પર સીબીઆઈને આજે નોટિસ ફટકારી

નવીદિલ્હી, તા. ૯

દિલ્હી હાઈકોર્ટે ટુજી કેસમાં ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ.રાજાની અરજી પર સીબીઆઈને આજે નૉટિસ ફટકારી હતી. રાજાએ તેમની અરજીમાં પક્ષપાતનો આક્ષેપ કર્યો હતો.

નૉટિસ જારી કરતાં જસ્ટીસ એ.કે.પટનાયકે ચાર સપ્તાહમાં સીબીઆઈ પાસેથી જવાબની માંગણી કરી છે, સાથે સાથે આ મામલાની સુનાવણી ૬ સપ્ટેમ્બર સુધી મૌકુફ કરી દીધી હતી. ફેબ્રુઆરી ૨૦૧૧માં રાજાની ધરપકડ કરવામાં આવી હતી. જામીન મળતાં પહેલાં રાજા પંદર મહિના સુધી જેલમાં રહ્યા હતાં. રાજાએ તેમની અરજીમાં દલીલ કરી હતી કે, આ કેસમાં સુનાવણી ચલાવી રહેલાં ખાસ સીબીઆઈ જજે ચુકાદો આપતી વેળા ભૂલ કરી હતી. સ્પેક્ટ્રમની ફાળવણી ગેરકાયદે થઈ હતી તેવી રજૂઆત કરવામાં આવી હતી. ભૂતપૂર્વ પ્રધાને આક્ષેપ કર્યો હતો કે, આ કેસમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ તપાસમાં પક્ષપાતનાં ભાગરૂપે હતી કારણ કે વર્ષ ૨૦૦૩-૨૦૦૭ દરમિયાન જારી કરવામાં આવેલાં ટેલિકોમ લાયસન્સ અંગે આમાં કોઈ વાત કરાઈ નહતી. વર્ષ ૨૦૦૮માં રાજા હેઠળ લાયસન્સોની ફાળવણી પહેલાંના ગાળા અંગે આમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નહતો. તેમની અરજીમાં ડીએમકેનાં સાંસદ રાજાએ દલીલ કરી હતી કે, ૨૦૦૩-૨૦૦૭ દરમિયાન કુલ ૫૧ લાયસન્સ જારી કરવામાં આવ્યા હતાં. આ તમામ લાયસન્સ વર્ષ ૨૦૦૮માં અરજીદાર હેઠળ ડોટ દ્વારા જારી કરવામાં આવેલી શરતો મુજબ જ જારી કરાયા હતાં. તેમણે વધુમાં કહ્યું હતું કે, સીબીઆઈનાં સ્પેશિયલ જજ ઓ.પી.સૈની એવા તારણ ઉપર પહોંચવામાં નિષ્ફળ ગયા હતાં કે, ટુજી સ્પેક્ટ્રમની કિંમત અને ફાળવણી સાથે સંબંધિત મામલાઓ પર પ્રધાન તરીકે રાજાનાં પગલાં અને નિર્ણયો સંપૂર્ણપણે યોગ્ય નહતાં.

રાજાએ દાવો કર્યો હતો કે, એકપછી એક આવેલી સરકારોએ ટેલિકોમ લાયસન્સની ફાળવણી કરી હતી. ટેલિકોમ રેગ્યુલેટરી ઑથોરિટી ઓફ ઈન્ડિયાએ સતત એવો મત લીધો હતો કે, મહેસૂલી રકમ ઉભી કરવાની બાબત વધારે અડચણરૂપ નથી. રાજાએ પોતાની અરજીમાં અન્ય તર્કદાર દલીલો કરી હતી.

## મોબાઈલનાં હેન્ડસેટ મહેસૂલમાં ૫ ટકા કાપ

મુંબઈ, તા. ૯

ઈન્ડિયન મોબાઈલ હેન્ડસેટનાં માર્કેટમાં નાણાંકીય વર્ષ ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન મહેસૂલમાં પાંચ ટકાનો ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ફિચર ફોનનાં વેચાણમાં ઘટાડો થયો છે. સાથે સાથે હેન્ડસેટની સરેરાશ વેચાણ કિંમતમાં પણ ઘટાડો થયો છે. સાયબર મીડિયા રિસર્ચનાં અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, એક વર્ષ અગાઉની સરખામણીમાં મહેસુલી રકમ ૩૩૦૩૧ કરોડથી ઘટીને ૩૧૨૧૫ કરોડ થઈ ગઈ છે. અહેવાલમાં જણાવાયું છે કે, સાયબર મીડિયા ગ્રુપનાં લોકો દ્વારા કરવામાં આવેલાં અભ્યાસમાં આ મુજબની બાબત સપાટી પર આવી છે. અભ્યાસમાં જણાવાયું છે કે, ભારતમાં ૩૦થી વધુ મોબાઈલ હેન્ડસેટ બનાવતી કંપની જેમાં મલ્ટીનેશનલ અને ભારતીય કંપનીઓ મળીને ભારતમાં ફ્યુચર ફોન, મલ્ટીમીડિયા ફોન, એન્ટરપ્રાઈઝ ફોન અને સ્માર્ટફોનનું વેચાણ કરવામાં આવે છે. હેન્ડસેટ બનાવતી સ્થાનિક કંપનીઓમાં પણ હાલ ચિંતાજનક સ્થિતિ પ્રવર્તી રહી છે. ચાઈનીઝ હેન્ડસેટ બનાવતી કંપનીઓ પણ બજારમાં આવી ચૂકી છે.

નોકિયા મહેસૂલની બાબતમાં હજુપણ ટોચ ઉપર છે. ગયા વર્ષની સરખામણીમાં મહેસૂલમાં ૮ ટકાનો ઘટાડો થયો હોવા છતાં તેની મહેસૂલી રકમ ૧૧૯૨૫ કરોડ રહી છે. આ ફિનિશ કંપનીએ સ્માર્ટ ફોન અને મલ્ટીમીડિયા સેગમેન્ટમાં માર્કેટ હિસ્સેદારી સેમસંગ, એચટીસી અને એપ્પલ સામે ગુમાવી છે. જોકે નોકિયાએ ડ્યુઅલ ફોન સિમ કેટેગરીમાં ઉલ્લેખનીય સફળતા મેળવી છે પરંતુ સ્માર્ટફોન માર્કેટમાં તેનું વર્ચસ્વ ઘટ્યું છે.

## લૈલા કેસ : પરવેઝ ૧૯ સુધી પોલીસ કસ્ટડીમાં

મુંબઈ, તા. ૯

લેલા ખાન અપહરણ કેસમાં મુખ્ય શખ્સ પરવેઝ ટાકને ૧૯મી જુલાઈ સુધી પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર લેવાનો મુંબઈ સ્થાનીક કોર્ટે આજે આદેશ કર્યો હતો. પ્રોસિક્યુશને કોર્ટમાં કહ્યું હતું કે તેઓ રિમાન્ડ ઈચ્છે છે. લેલા ખાન અને અન્ય પાંચ સભ્યો ક્યાં છે, તેમની હત્યા કરવામાં આવી છે કૈ કેમ તે અંગે માહિતી મેળવવા ઈચ્છે છે.

લેલા ખાન અપહરણ મામલામાં રહસ્ય અકબંધ છે ત્યારે આ સસ્પેન્સ વચ્ચે મુંબઈ પોલીસ પરવેશ ટાક નામના મુખ્ય શખ્સને લઈને મુંબઈ પહોંચી હતી. લેલા અને તેના પરિવારના અપહરણના મામલામાં તપાસ કરી રહેલી મુંબઈ પોલીસે જમ્મુની કિસ્તવારની કોર્ટમાં ટાકને મુંબઈ મોકલવાની મંજૂરી આપવાની માંગણી કરી હતી. મુંબઈ પોલીસની માંગણીને સ્વીકારી લેવામાં આવ્યા બાદ મુંબઈ પોલીસની ટીમ કુખ્યાત પરવેઝને લઈને મુંબઈ પહોંચી હતી. ટોકને દક્ષિણ મુંબઈની એસ્પલેનૈંડ કોર્ટમાં રજૂ કરવામાં આવી ચૂક્યો છે. પોલીસ અધિકારી નિકેત કૌશિકે આ સમગ્ર ઘટનાક્રમને સમર્થન આપ્યું છે. જમ્મુ કાશ્મીર પોલીસે વૈન્ય સૈથે સંકળાયેલા એક પરવેઝની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન પરવેઝે કહ્યું હતું કે લૈલા અને તેના અન્ય પરિવારના સભ્યોની ગયા વર્ષે મહારાષ્ટ્રમાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી.

જો કે હાલમાં એવી વાત પણ જાણવા મળી હતી કે લૈલા જીવિત છે. સમગ્ર મામલામાં રહસ્ય અકબંધ બનેલું છે ત્યારે પરવેઝને મુંબઈ લાવવામાં આવ્યા બાદ હવે કેટલીક નવી વિગતો સપાટી ઉપર આવી શકે છે.

### લાગણીનો મેળો (પાના નં. ૪ નું ચાલુ)

આત્મીય યુવજનો...! મનને એવી ટેવ પાડતા રહો કે જેથી આદર્શને પ્રાપ્ત કરવાની અધિરાઇ વધે... જન્મે...

ઇચ્છા શક્તિ જ માનવીની ગતિ લક્ષ્યનું બળ છે. ઇચ્છા અને તરંગ આ બંનેમાં ફરક છે. તરંગ એ તો ગળચટ્ટી ભ્રમણા છે, જ્યારે ઇચ્છા તો પરિતૃપ્તિ તરફ લઇ જનાર ઉચ્છવાસ છે!! હૃદયના ઊંડાણમાં આકાર પામતો દ્રઢ નિશ્ચય જ જીવનમાં ચમત્કારી પરિવર્તન લાવી શકે!! ગમતું જ કરવું, ભાવતું જ ખાવું, રસ પડે એ જ વાંચવું - આવા તરંગો જીવનમાં કુંડાળાં સર્જે!! મનના માલિક બનતા પૂર્વે લગામ હાથમાં લેવી પડે. જે મનના માલિક - સ્વામી બને એ જ અન્યનું નેતૃત્વ સંભાળી શકે!! તેથી જ કહેવાયું છે;

"પંકથી પાંગરે પદ્મો ને પ્હાણાઓ પ્રભુ થાતા,
માટીના માનવીમાંથી હું કાં ન બનું મહા?"

**- : સ્પર્શમણિ : -**

જો તારે મિત્રોની જરૂર હોય તો એક સર્જનહાર પૂરતો છે. બીજા મિત્રો જોઇતા હોય તો સર્જનહારના સાચા સેવકોનો સંગ કરજે. સારા સંગી ને મદદગાર જોઇતા હોય પુરૂષાર્થ અને વિધાતાની સાથે કોઇની તુલના નહીં થઇ શકે, જો સચોટ ઉપદેશ જોઇતો હોય તો મૃત્યુના વિચાર જેવો બીજો કોઇ મહાન ઉપદેશ નથી, ને આ જો તારા ગળે ના ઊતરતું હોય તો દોઝખ જેવું યોગ્ય તારા માટે બીજું કોઇ નિવાસ સ્થાન નથી!

### ઇચ્છા શક્તિ + ક્રિયાશક્તિ = સફળતા

(પાના નં. ૪ નું ચાલુ)

વાઈસરૉયે પૂછ્યું. 'માલવીયજી, આપ કયાં જઈ રહ્યાં છો?' માલવીયજીએ કહ્યું, 'જવું તો છે દિલ્હી, પણ ગાડી ચૂકી ગયો છું.'

વાઈસરૉયે હસતાં હસતાં કહ્યું, 'કંઇ વાંધો નહીં, હું પણ દિલ્હી જઈ રહ્યો છું. આપ મારી સાથે ચાલો.'

માલવીયજી વાઈસરૉયની વિશેષ ગાડીમાં ગોઠવાઈ ગયા અને સભા માટે સમયસર દિલ્હી પહોંચી ગયા.

એક તબક્કે માલવીયજીને આ સભામાં પહોંચવાનું અસંભવ લાગી રહ્યું પરંતુ એમની પ્રબળ ઈચ્છાશક્તિ અને પ્રખર ક્રિયાશક્તિએ અસંભવને સંભવ બનાવી દીધું.

મન હોય તો માળવે જવાય.

જેમણે પણ આ કહેવત બનાવી હશે તેમણે પણ ઈચ્છા અને ક્રિયાના સમન્વયનું ચમત્કારિક પરિણામ અનુભવ્યું હશે જ.

કેટલાક વાતે વાતે ન કરવાનાં સમાધાન કરી લેતા હોય છે અને નિષ્ક્રિયતા અને અકર્મણ્યતાનું અવલંબન સ્વીકારી લેતા હોય છે. આવા લોકો જીવનમાં સફળતાની ઊંચાઈને આંબી શકતા નથી.

સફળતાના આ સીદાસાદા સમીકરણને આપણા જીવનનું રોજિંદુ ગણિત બનાવી દઈએ તો સફળતા આપણાથી છટકી છટકીને કેટલે દૂર જશે?

### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

કૈલાસબહેનને કોઇકે પૂછ્યું : "આટ આટલું કામ કરો છો, તેમાં તમને શું લાભ?", "લાભ પૂછો છો તો મોટ લાભ છે?" એમ કહી કૈલાસબહેન વાત કરે છે. અનેક પ્રસંગો વર્ણવે છે : "ભણીને ગયેલા બાળકો મોટા થાય છે અને અચાનક કયાંક, કોઇ પ્રસંગે જોવા મળે ત્યારે અચૂક સામે ચાલીને મળવા આવે છે, પોતાને મળેલ શિક્ષા અને તાલીમાર્થી પોતે સુખી છે. તેમ કહી ચરણ સ્પર્શ કરે છે, તે ઓછા લાભની વાત છે."

નવજીવન સંસ્થામાં બાળકોના શિક્ષણ ઉપરાંત બીજી સમાજોપયોગી અનેક પ્રવૃત્તિઓ ચાલે છે. તેમાં પણ કૈલાસબહેન સક્રિયપણે ભાગ લે છે. ખાસ તો ગામડાઓમાં શ્રમિક, ગરીબ મહિલાઓમાં બચત મંડળો શરૂ કર્યાં છે. શ્રી સનત મહેતાની આવી ગરીબ બહેનો પ્રત્યેની લાગણીથી તેમની મહિલા બેંકમાં ઉપક્રમે જરૂરિયાતમંદ બહેનોને સ્વરોજગારી માટે ઘેર બેઠા લોન આપવાની કામગીરી નવજીવન સંસ્થા કરે છે, નિયમ મુજબ જરૂરિયાળવાળી બહેનોની જામીનગીરી કોઇ આપે તો જ લોન મળી શકે. કૈલાસબહેન જામીનગીરીની જવાબદારી લઇને જરૂરિયાતમંદ ગરીબ, શ્રમજીવી બહેનોને લોન અપાવે છે એ મહિલાઓને ઉપર ઉઠાવવા માટેના પ્રયત્નોમાં લાગ્યા રહે છે. કોઇ જ મહેનતાણાની અપેક્ષા રાખ્યા સિવાય ગ્રામીણ બહેનોને વિવિધ ક્ષેત્રે માર્ગદર્શન આપતા રહે છે. શાળાની શિક્ષિકા તરીકેની પ્રશંસનીય કામગીરી કૈલાસબહેન કરે છે. નવજીવનમાં બાળ ઘડતર અને સંસ્કાર ઘડતરનો અનોખો યજ્ઞ ચાલી રહ્યો છે. તપસ્વી કૈલાસબહેનનું તપ ભળ્યું છે, અને તેની સુવાસ ગરીબ અને પછાત વર્ગમાં પ્રસરી રહી છે. એ ઓછાં આનંદની વાત નથી. કૈલાસબહેનને અંતરના અભિનંદન. નારાયણી સ્વરૂપા કૈલાસબહેનને વંદન.